# 19. ભારત : લોકજીવન

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના જવાબ બે-ત્રણ વાક્યોમાં લખો :

**1) ભારતના લોકોમાં કેવી કેવી ભિન્નતા જોવા મળે છે ?**

- ભારતના લોકોમાં ખોરાક, પહેરવેશ, રહેઠાણ, ભાષા, બોલી, ઉત્સવો-તહેવારો, ધર્મ વગેરેમાં ભિન્નતા જોવા મળે છે.

**2) દક્ષિણ ભારતમાં બોલાતી ભાષાઓ કયા કુળની છે ?**

- દક્ષિણ ભારમાં બોલાતી ભાષાઓ દ્રવિડ કુળની છે.

**3) બિહારની મુખ્ય ભાષા તથા બોલીઓ જણાવો ?**

- બિહારની મુખ્ય ભાષા હિન્દી છે. મૈથીલી, ભોજપુરી, માગધી વગેરે બિહારની બોલીઓ છે.

### 2. નીચેના પર ટૂંક નોંધ લખો.

**1) પૂર્વ ભારતનાં રાજ્યો તથા બંગાળી પુરુષો તથા સ્ત્રીઓનો પહેરવેશ**

- બિહાર, ઝારખંડ, છત્તીસગઢ, ઓડિશા, પશ્ચિમબંગાળ, સિક્કિમ, અસમ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, મેઘાલય વગેરે પૂર્વ ભારતનાં રાજ્યો છે.
- બંગાળી પુરુષો પાટલીવાળું ધોતિયું અને રેશમી ઝભ્ભો પહેરે છે; જ્યારે સ્ત્રીઓ વિશિષ્ટ ઢબની બંગાળી સાડી પહેરે છે.

**2) પશ્ચિમ ભારતના તહેવારો-ઉત્સવો**

- પશ્ચિમ ભારતમાં રાજસ્થાનમાં હોળી અને ગણગોરના તહેવારો, મહારાષ્ટ્રમાં ગણેશચતુર્થીનો તહેવાર અને મધ્ય પ્રદેશમાં શિવરાત્રીનો તહેવાર ધામધૂમથી ઊજવવામાં આવે છે. પશ્ચિમ ભારતનાં બધા રાજ્યોના લોકો દિવાળી, નવરાત્રી, શિવરાત્રી, દશેરા, ગણેશચતુર્થી, ઈદ, મહોરમ, નાતાલ, મહાવીરજયંતી, પતેતી, ચેટીચાંદ, વગેરે તહેવારો ઊજવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

3. નીચેનામાંથી યોગ્ય વિકલ્પની પસંદગી કરી ઉત્તર લખો :

1) કેવું તાપમાન ધરાવતા લોકોનો પહેરવેશ સુતરાઉ તથા આછા રંગોવાળો હોય છે ?

(A) વધુ

(B) ઓછું

(C) સમ

(D) વિષમ

2) ઊંટના ચામડામાંથી બનેલાં પગરખા મુખ્યત્વે કયા રાજ્યના લોકો પહેરે છે ?

(A) ગુજરાત

(B) રાજસ્થાન

(C) મહારાષ્ટ્ર

(D) ગોવા

3) ગોવામાં કઈ ભાષા બોલાય છે ?

(A) મરાઠી

(B) હિન્દી

(C) ગુજરતી

(D) કોંકણી

4) કયા રાજ્યના લોકો જાત-જાતના પરોઠા આરોગે છે ?

(A) જમ્મુ-કશ્મીર

(B) તમિલ

(C) અસમ

(D) પંજાબ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

5) માઘ મેળો ક્યાં ભરાય છે ?

(A) પુષ્કર

(B) નાસિક

(C) અલાહાબાદ

(D) ઉજ્જૈન

(6) "પોંગલ' કયા રાજ્યનો મુખ્ય તહેવાર છે ?

(A) આંધ્રપ્રદેશ

(B) તમિલનાડુ

(C) મેઘાલય

(D) સિક્કિમ

(7) ઉત્તરાખંડ રાજ્ય કેવું ભૂપૃષ્ઠ ધરાવે છે ?

(A) ફળદ્રુપ મેદાન

(B) પર્વતીય

(C) દરિયાકિનારો

(D) એક પણ નહિ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in